ઑગસ્ટ 2024 માં નિર્મિત
સમીક્ષાની તારીખ: ઑગસ્ટ 2027

# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો

## વાંચવામાં સરળ સંસાધન


આ સંસાધન બહુવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે તમારા મિડવાઇફને પૂછો

Sussex Local Maternity & Neonatal System

# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો



તમે જ્યારે ગર્ભવતી હોવ ત્યારે અને તમે જન્મ આપો ત્યારે શું થાય તે તમે પસંદ કરી શકો છો.



જન્મ આપવા સંબંધિત આયોજન તમને જન્મ આપવા માટે તૈયાર થવામાં મદદ કરી શકે છે.

તેમાં આમનો સમાવેશ થઈ શકે:

- તમે કેવી રીતે જન્મ આપવા માંગો છો
- તમે ક્યાં જન્મ આપવા માંગો છો
- તમે ક્યારે જન્મ આપવા માંગો છો
- દુખાવાનો સામનો કરવામાં મદદ માટે તમે શેની પસંદગી કરો છો
- જ્યારે તમે જન્મ આપો ત્યારે તમારી સાથે કોણ હોય તેવું તમે ઇચ્છો છો




Sussex Local Maternity & Neonatal System

# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો



તમારા મિડવાઇફ તમને તમારા માટેના બાળજન્મનું આયોજન વાંચી સંભળાવશે.

આનાથી તેમને એ સમજવામાં મદદ મળશે કે તમને શેની જરૂર છે.




જો તમે ઇચ્છતા હોવ કે તમે જન્મ આપો ત્યારે તમારી સાથે કોઈ હોય, તો તેમને સલાહની જરૂર હોઈ શકે. તેમને નીચે લિંક ક્લિક કરવા કહો. જો તમને ઇન્ટરનેટ સુગમ ન હોય તો તમને એક નકલ પ્રિન્ટ કરી આપવા તમારા મિડવાઇફને કહો.


જ્યારે તમે જન્મ આપો ત્યારે તમારી સાથે કોણ હોય તે તમે પસંદ કરી શકો છો.

[sussexlmns.org/partners-and-families/tips-for-your-birth-partner](https://sussexlmns.org/partners-and-families/tips-for-your-birth-partner)



Sussex Local Maternity & Neonatal System

# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો




જો તમે અંગ્રેજી ભાષા ન બોલતાં હોવ, તો તમને એ અધિકાર છે કે શું થઈ રહ્યું છે તે સમજવામાં મદદ માટે તમે કોઈને બોલાવી શકો.

જ્યારે તમે હૉસ્પિટલને એ જણાવવા કૉલ કરો કે તમારી પ્રસૂતિનો સમય થયો છે ત્યારે તમે એક દુભાષિયા માટે પૂછી શકો છો.




જન્મ આપવામાં તમને મદદની જરૂર હોઈ શકે.

શિશુ કઈ રીતે બહાર આવશે તે વિશે તમારા મિડવાઇફ તમારી સાથે વાત કરશે.




Sussex Local Maternity & Neonatal System

# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો




તમારા મિડવાઇફ આ બાબતો કરવામાં આવે તે પહેલાં તમને તેમને માટે સંમત થવા જણાવશે. આમાં સામેલ છે:
- ટેકો આપેલ પ્રસૂતિ
- ઇન્ડક્શન (પ્રસૂતિ વેદના શરુ કરાવવી)
- આકુંચનો વધારવા



ટેકો આપીને કરવામાં આવતી પ્રસૂતિના ત્રણ પ્રકારો છે. આ તમારા શિશુને જન્મ લેવામાં મદદ કરી શકે છે.

આમાં સામેલ છે:
- ફૉરસેપ્સ (ચીપીયા વડે) પ્રસૂતિ
- વેન્ટોઝ પ્રસૂતિ
- સીઝેરીઅન સેક્શન

# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો




તમે સીઝેરીઅન સેક્શનને 'સી-સેક્શન' કહેવાતું સાંભળો તેવું બને. વધુ જાણવા માટે નીચેની લિંક પર ક્લિક કરો.

જો તમને ઇન્ટરનેટ સુગમ ન હોય તો તમને એક નકલ પ્રિન્ટ કરી આપવા તમારા મિડવાઇફને કહો.

[labourpains.org/caesarean-birth/caesarean-birth-advice-and-information](labourpains.org/caesarean-birth/caesarean-birth-advice-and-information)



ઇન્ડક્શન એટલે જ્યારે તમારી કાળજી ટીમ તમને જન્મ આપવાની શરુઆત કરવામાં મદદ કરે.

જો તમારું શિશુ મોડું હોય અથવા ગર્ભાવસ્થા તમારે માટે અથવા તમારા શિશુ માટે જોખમકારક હોય તો તમે આની પસંદગી કરી શકો છો.



Sussex Local Maternity & Neonatal System


# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો




ઇન્ડક્શન વિશે વધુ જાણવા માટે નીચેની લિંક ક્લિક કરો.

જો તમને ઇન્ટરનેટ સુગમ ન હોય તો તમને એક નકલ પ્રિન્ટ કરી આપવા તમારા મિડવાઇફને કહો.

[sussexlmns.org/labour-and-birth/inducing-labour](sussexlmns.org/labour-and-birth/inducing-labour)



તમારે માતૃત્વ સંબંધિત કાળજી માટે ચુકવણી કરવી પડી શકે, જો:

- તમે UK માં ટૂંકા સમયથી જ રહેતાં હોવ
- તમે UK માં ટૂંકા સમય માટે જ રહેવાનું આયોજન કરી રહ્યાં હોવ.

તમે કાળજી પ્રાપ્ત કરો ત્યારે જ ચુકવણી કરવી જરૂરી નથી. તમે ચુકવણી માટે આયોજન કરી શકો છો.

તમે આગોતરી ચુકવણી ન કરી શકતા હોવ તો પણ તમારી પાસે કાળજી પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો



માતૃત્વ સંબંધિત કાળજી માટે ચુકવણી કરવા અંગે સલાહ માટે મેટરનિટી એક્શનનો સંપર્ક કરશો.

ફ્રીફોન 0808 800 0041 પર કૉલ કરો અને એક વૉઇસમેલ મૂકો.



ઈ-મેલ
maternitycareaccess@maternityaction.org.uk





કાળજી માટે ચુકવણી કરવા વિશે વધુ સલાહ માટે નીચેની લિંક ક્લિક કરો.

જો તમને ઇન્ટરનેટ સુગમ ન હોય તો તમને તે પ્રિન્ટ કરી આપવા તમારા મિડવાઇફને કહો.

maternityaction.org.uk/advice/dealing-with-debts-owed-to-the-nhs-for-maternity-care

# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો





તમે નીચેના નંબરોમાંથી એક પર કૉલ કરીને મદદ અને ટેકો મેળવી શકશો. ક્યા નંબર પર કૉલ કરવો તે વિશે ચોક્કસ ન હોવ તો તમારા મિડવાઇફને પૂછો.

- Conquest Hospital, St Leonards (કોન્ક્વેસ્ટ હૉસ્પિટલ, સેન્ટ લીઓનાર્ડ્સ)
  0300 131 4500

- Eastbourne District General Hospital (ઇસ્ટબૉર્ન ડિસ્ટ્રિક્ટ જનરલ હૉસ્પિટલ)
  0300 131 4500

- Royal Sussex County Hospital, Brighton (રોયલ સસેક્સ કાઉન્ટી હૉસ્પિટલ, બ્રાઇટન)
  01273 696955

- Princess Royal Hospital, Haywards Heath (પ્રિન્સેસ રોયલ હૉસ્પિટલ, હેયવર્ડ્સ હીથ)
  01444 441881

- St Richard's Hospital, Chichester (સેન્ટ રિચર્ડ્સ હૉસ્પિટલ, ચિચેસ્ટર)
  01243 788122

- Worthing Hospital (વર્થિંગ હૉસ્પિટલ)
  01903 205111

- East Surrey Hospital (ઇસ્ટ સરે હૉસ્પિટલ)
  01737 768511



Sussex
Local Maternity & Neonatal System

# ગર્ભાવસ્થામાં તમારા વિકલ્પો

**જન્મ આપવા અને તમારા શિશુ સાથેના શરુઆતના દિવસો માટે તૈયાર થવામાં તમને ટેકા માટે વધુ માહિતી માટે, કૃપા કરીને આ જુઓ:**

પ્રસૂતિ માટે જવા તમારો સામાન બાંધો NHS UK
nhs.uk/pregnancy/labour-and-birth/preparing-for-the-birth/pack-your-bag-for-labour

સ્તનપાન - સસેક્સ LMNS
sussexlmns.org/after-the-birth/breastfeeding

જન્મ પછી | તમારા શિશુના જન્મ પછી શું થાય છે?
sussexlmns.org/after-the-birth

નવા માતા-પિતા માટે સૂચનો
sussexlmns.org/partners-and-families/tips-for-new-parents

લલેબી ટ્રસ્ટ પ્રકાશનો - ધ લલેબી ટ્રસ્ટ
lullabytrust.org.uk/professionals/publications

સસેક્સ જન્મની નોંધણી કરાવવી
sussexlmns.org/partners-and-families/registering-the-birth

ગર્ભાવસ્થા વિશે માહિતી - ટોમીઝ
tommys.org/pregnancy-information

અશ્વેત અને અશ્વેત મિશ્રિત-વંશાવળીની મહિલાઓ માટે મિડવાઇફ હેલ્પલાઇન - ટોમીઝ
tommys.org/pregnancy-information/about-tommys-pregnancy-information/video-call-service

જો તમને ઇન્ટરનેટ સુગમ ન હોય તો તમે તમારા મિડવાઇફને ઉપરની કોઈપણ લિંકમાંની માહિતી પ્રિન્ટ કરી આપવા કહી શકો છો.

Sussex
Local Maternity & Neonatal System